# બોધકથા

# બોધકથા:અકબર અને ગાય

એક સમયની વાત છે. અકબર બાદશાહ શિકાર કરીને પાછા ફરતાં હતાં. ગોરજનો સમય હતો. ગાયો ચરીને પાછી આવી રહી હતી. અકબર બાદશાહ એક ગાયના ટોળામાં ઘેરાઈ ગયા. કેટલી ગાયો નાઠી અને કેટલીક મોઢામાં ઘાસના તણખલા સાથે અકબર બાદશાહ સામું જોતી ઊભી રહી. આ જોઈને અકબરે બિરબલને પૂછ્યું : "આ ગાયો મારી સામું કેમ જુએ છે?" બિરબલ ઘણો ચતુરા હતો સમય, વાણી અને સંજોગનો ઉપયોગ સત્કાર્યમાં કેવી રીતે વાપરવો તે તે જાણતો હતો. બિરબલે ઉત્તર આપ્યો : "નામદાર ! આ ગાયો મોઢામાં ઘાસના તણખલાં લઈ ને આપ નામદારને અરજ ગુજારે છે કે અમારાં ઘાસા ચરવાના જંગલો ઉપર આપે કર નાખીને અમને બેહાલ સ્થિતિમાં મૂકી છે. વળી તમારા મુસ્લિમ અમલમાં કસાઈઓ નિર્ભય થઈ અમારાં ગળાં કાપે છે, તેનું કારણ શું ? અમે કોઈનું કાંઈ બગાડ્યું નથી. અમે ઘાસ ખાઈ નિર્વાહ કરીએ છીએ. અમારાંમાં હિન્દુ – મુસ્લિમનો ભેદ નથી. હિંદુઓને મીઠું દૂધ કે મુસ્લિમોને ખારું દૂધ આપીએ એવો કોઈ પક્ષપાત અમે કરતાં નથી. બેઉને સરખું અમૃત જેવું દૂધ આપીએ છીએ. મર્યા પછી પણ અમારું ચામડું પણ સર્વના પગમાં સરખી કુમાશ આપે છે. અમે કાન રૂપી હાથ જોડી, મોઢામાં તણખલું લઈ, અરજ કરીએ છીએ કે, કયા અપરાધથી ઈદના તહેવારોમાં અમારી કતલ કરો છો ?' આ વાક્યો સાંભળી બાદશાહે અમાત્યોને હુકમ કર્યો કે, "મારા રાજયમાં ગાયોના કતલખાનામ ન જોઈએ એવો કાયદો કરો, તહેવારોના દિવસે જે ગાયોને મારશે તેને સખતા દંડ કરવામાં આવશે.'

# બોધકથા:ઈશ્વર ક્યાં છે ?

એક બાદશાહે તેના કાજીને પ્રશ્ન કર્યો : " ઈશ્વર ક્યાં બેસે છે? કઈ દિશામાં મુખ રાખે છે? અને શું કરે છે ?" આવા પ્રશ્નો સાંભળી કાજી અકળાઈ ગયા. " કાલે જવાબ આપીશ" એમ કહી તેઓ ઘેર ગયાં. ઘેર ગયાં પછી પણ તેમને ક્યાંય ચેન ન પડે અને તેઓ દુઃખી થવા લાગ્યાં. એવામાં કાજીનો એક શાણો ચાકર ત્યાં આવ્યો. તેણે કાજીને દુઃખનું કારાણ પૂછ્યું. કાજી એ ઘટેલી બીના કહી. નોકરે કાજી ને કહ્યું : " તમે ચિંતા કરશો નહિ એના જવાબો હું જ રાજાને આપી દઈશ." બીજે દિવસે કાજીનો ચાકર કચેરીમાં ગયો અને કહ્યું કે : " આવા મામૂલી જવાબ તો અમે કાજીના ચાકરો પણ જાણીએ માટે હું જ તમને એ પ્રશ્નોનાં ઉત્તરો આપી દઉં. પણ તેમાટે મને યોગ્ય સ્થાન મળવું જોઈએ. વક્તાથી નીચે શ્રોતાએ બેસવું જોઈએ એ એક નીતિ છે." રાજા એ તેમ કર્યું. ચાકરને ગાદી ઉપર બેસાડયો અને પોતે નીચે બેઠો. ત્યારબાદ ઈશ્વર ક્યાં રહે છે? એ પ્રશ્નનો ખુલાસો આપાવા નોકરે દૂધ મંગાવ્યું અને રાજાને પૂછ્યું કે " આમાં માખણ કઈ જગ્યાએ છે ?" ત્યારે રાજાએ કહ્યું, " સર્વત્ર છે." નોકરા બોલ્યો : " તેજ પ્રમાણે ઈશ્વર સર્વત્ર છે. દહીંનું મંથન કરી જેમાં માખણ કઢાય છે, તેમાં ભક્તો હ્રદય-મંથન કરી પ્રભુને પ્રકટ કરે છે." ઈશ્વર કઈ બાજુ મુખ રાખે છે? તે પ્રશ્નના જવાબ આપવા ચાકરે એક દીવો મંગાવ્યો અને રાજાને પૂછ્યું : " આ દીવાનું મુખ કઈ બાજુએ છે ?" રાજા બોલ્યો : " બધી બાજુએ છે." ચાકર બોલ્યો : "દીવાની જેમ જ ઈશ્વર પણ બધી બાજુએ પ્રકાશ આપે છે" ત્રીજા પ્રશ્નનો જવાબ આપવા માટે ચાકરે રાજાને કહ્યું કે તમે વજીરની જગ્યા પર બેસો અને વજીર તમારી જગ્યા પર બેસે. રાજા એ તેમ કર્યું, એટલે નોકર બોલ્યો કે "જેમ તમારી મેં બદલી કરી તેમ જ ઈશ્વર પણ મનુષયોના કર્મ અનુસાર રાજાનો રંક અને રંકનો રાજા કરે છે." બાદશાહ ચાકરના જવાબોથી અતિ પ્રસન્ન થયો અને તેને યોગ્ય શિરપાવ આપી વિદાય કર્યો.

# બોધકથા:ગરીબ કોણ ?

એક સમયે એક ફકીર ગરીબોને ત્રાંબિયા વહેંચતો હતો. નાના છોકરાઓ બાજુ પર ઘૂમતા હતા. ફકીરે સર્વને થોડાં ત્રાંબિયા આપ્યાં. એવામાં એક રાજા હાથી પર આરૂઢ થઈને ત્યાંથી પસાર થયો. રાજાને જોઈને ફકીરે અમુક ત્રાંબિયા તેની તરફ ફેંક્યાં. રાજાએ આશ્ચર્ય પામી પૂછ્યું : “બાબાજી, આ નાણાં તમારી પાછળ ફરતાં છોકરાંઓને છોડી તમે નાકામાનું મને શામાટે આપો છો ?” ફકીર બોલ્યો “ રાજન, આ નાણું ગરીબમાં ગરીબ માણસોને આપવા માટે છે!” રાજા બોલ્યો “ હું ક્યાં ગરીબ છું?” ફકીરે કહ્યું : “ તારા જેવો ગરીબ કોઈ નથી. તારા વૈભવ અને ધન સામગ્રી એ જ તને ગરીબ બનાવ્યો છે; આટલી સંપત્તિનો સ્વામી હોવા છતાં હજુ તું ક્યાં તૃપ્ત થયો છે ? વધારે ને વધારે મેળવવા માટે તું ફાંફાં મારે છે, માટે ગરીબમાં ગરીબ તું જ છે. તારી તૃષ્ણાએ તને ગરીબ કરી દીધો છે. એ તૃષ્ણાને પોષવા માટે તું અનેક માણસોના ગળાં કાપે છે, ગરીબ ખેડૂતો પાસે કરા વસૂલે છે, એટલે ભવિષ્યમાં મહાન દુઃખી અને ગરીબ અવસ્થામાં તારે જવું પડશે.” રાજા સાચી વાત સમજ્યો, તેથી તે શરમાઈ ગયો. ત્યારા બાદ તે પોતાના ધનને પરોપકાર ના કાર્યમાં વાપરવા લાગ્યો.

# બોધકથા:લોભિયા વસે ત્યાં ધુતારા ભૂખે ના મરે

એક સમયની વાત છે. એક નગરમાં એક અત્યંત લોભી શેઠ રહેતો હતો. તે શેઠ એટલો તો લોભી હતો કે કોઈ પણ શુભકાર્યમાં ધન વાપરતો નહીં. તેટલુંજ નહિ પોતાના ઘરવાળાઓને પૂરતું ખાવા દેતો નહિ. તે અત્યંત વ્યાજ ખાઉ પણ હતો. અભણ લોકોને પૈસા ઉછીના આપી ચડિયાતા દરે તે વ્યાજ વસૂલ કરતો. એક વખત એક ધુતારો શેઠ પાસે આવી ચડ્યો. પોતાને ત્યાં પ્રસંગા છે એમ કહી તેણે શેઠ પાસે થોડાં વાસણો માંગ્યા. શેઠે તેને અમુક વાસણો આપ્યાં. પ્રસંગ પત્યે શેઠના વાસણો ઉપરાંત પાંચ સાત વધુ વાસણો તે શેઠ પાસે લાવ્યો. શેઠે પૂછ્યું : " આ વધારાના નાના વાસણો ક્યાંથી લાવ્યાં ? તે અમારાં નથી." ઠગ બોલ્યો : "શેઠજી ! આપના વાસણોને છોકરાં થયાં." શેઠ સમજ્યો તો ખરો, પણ મફતના વાસણ કોને ખોટાં લાગે ? તેણે બધાં વાસણો ઘરમાં મૂક્યાં. થોડાં દિવસ પછી તે ઠગ ફરીથી શેઠને ત્યાં આવ્યો અને કહ્યું : " આજે ફરી મારે ત્યાં સારો અવસર છે , આથી આપના ચાંદીના વાસણો આપો." શેઠને લાલચ આવી, તેને વાસણો આપ્યાં. ઘણો વખત થયો , પણ તે ઠગ વાસણ પાછાં આપવા આવ્યો નહિ. ઘણી રાહ જોયા પછી શેઠ જાતે જ વાસણ લેવા તે ઠગને ઘેર ગયો. ત્યારે ઠગ બોલ્યો: "આપણાં વાસણો તો મરી ગયાં ! તેમને બાળી પણ દીધાં. ગઈ કાલે તેમનું બારમું પણ કરી નાખ્યું, તેના ખર્ચમાં તમે ભાગ આપો તો તમારી ભલાઈ." શેઠે કહ્યું : " વાસણ તે કાંઈ મરતાં હશે ?" તરત ધુતારો બોલ્યો : "વાસણ ભાંગી જાય એટલે પછી મારી ગયેલાં જ કહેવાયા ને ? જો વાસણ વિયાય, તો મરી પણ કેમ ના જાય? " આવો જવાબ સાંભળી શેઠ તો માથું ખંજવાળતો ખંજવાળતો ઘેર આવ્યો.

લાભના કારણે જાણ્યા વિના માત્ર લાભને ગ્રહણ કરવો નહિ. લાભ લેવા જતાં શેઠને ધૂર્ત કેવો ધૂતી ગયો!

# બોધકથા:સમય નથી !

એક વખતે એક મનુષ્ય એક મહાત્મા પાસે ગાયો અને બોલ્યો : " આ અલ્પ જીવનમાં શું શું કરી શકીએ ? બાલયાવસ્થામાં ભાન હોતું નથી, વૃદ્ધાવસ્થામાં શરીર સાથ નથી આપતું. યુવાવસ્થામાં કુટુંબનું પાલન પોષણ કરવાનું. સગાસંબંધીમાં હળવામળવાના વ્યવહારો સાચવવા પડે છે. વળી ઊંઘ તો બધીજ સ્થિતિમાં જોડાયેલી જ હોય. રોગનો ઉપદ્રવ આવા-જા કર્યા કરે છે. આવામાં ભક્તિ ક્યારે કરીએ ? જ્ઞાન ક્યારે મેળવીએ ? આ જિંદગીમાંતો તેને માટે વખત દેખાતો નથી. " આ પ્રમાણે ખિન્ન થઈ તે રોવા લાગ્યો.

તેને રોતો જોઈ મહાત્માએ પણ રોવા માંડ્યુ. પેલાએ પૂછ્યું " તમારે વળી શું દુઃખ છે?" મહાત્મા બોલ્યા: " શું કરું ? મારી પાસે તો મારા પૂરતું અનાજ પકવીને ખાઉં તેવડી જમીન પણ ક્યાં છે ? હું ભૂખથી મારી જાઉં છું. પરમાત્માનો એક અંશમાં માયા છે. માયાના અંશમાં ત્રણ ગુણ છે, ગુણોના કોઈ ખૂણામાં આકાશ છે. એના કરતાં અલ્પ વાયુ છે. તેમાં બહુજ થોડો આગ્નિ છે. અગ્નિના એક ભાગમાં પાણી છે. પાણીના સોમાં ભાગામાં પૃથ્વી છે. તેમાં અર્ધો ભાગા પર્વતોએ રોક્યો છે. વળી નદીઓ, જંગલો, જ્યાં જુઓ ત્યાં ઉગેલાં છે. મારે માટે નાનો ટુકડો પણ રહેવા દીધો નથી. થોડી ઘણી પૃથ્વી રહી તેમાં અબજો મનુષ્યો છે. બીજા અનેક પ્રાણીઓ રહે છે. આ બધામાં હું ભૂખે નહિ મારી જાઉં?" પેલો મનુષ્ય બોલ્યો : "એમ છે; છતાં તમે જીવો છો તો ખરા ! તો શા માટે રડો છો ?" મહાત્મા બોલ્યા: "તો પછી વખત નથી, વખત નથી, એમ કહી શા માટે બુમારણ કરી મૂકે છે ? જા, અબઘડી કામે લાગ, નકામું સમયનું બહાનું કાઢીશ નહિ."